Date :- 19-05-2025

DivyaBhaskar, Page-VI, Surat

**મેટ્રો રેલનો ફર્સ્ટ લૂક:** ફેઝ-1માં નિર્માણ પામી રહેલી લાઇન 1-2 માટે ટ્રેન સેટ લાવવાની તૈયારીઓ શરૂ

# મેટ્રો ટ્રેનના કોચની છત ગરબાની થીમ પર અને હેન્ડલ જ્યોત આકારનાં હશે, ડાયમંડ-ટેક્સટાઈલની ઝલક પણ જોવા મળશે

## આકર્ષક ડિઝાઇનવાળા 3 કોચની ટ્રેનમાં બેસીને-ઊભા રહીને 300 લોકો એક સાથે મુસાફરી કરી શકશે

ભાસ્કર BREAKING

લવકુશ મિશ્રા | સુરત

સુરત મેટ્રો રેલ ફેઝ-1માં નિર્માણ પામી રહેલી લાઈન 1 અને 2 માટે ટ્રેન સેટ લાવવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. TRSL (ટીટાગઢ રેલ સિસ્ટમ લિમિટેડ) દ્વારા સુરત મેટ્રોને કુલ 72 કોચ પૂરા પડાશે. આ માટે ઓક્ટોબર 2023માં જ GMRCL (ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન) દ્વારા ટીટાગઢ મેટ્રો રેલને 72 કોચ માટે 857 કરોડનો ઓર્ડર અપાયો હતો.

સુરત મેટ્રો આખરે કેવી દેખાશે તે માટે ભાસ્કરે તંત્ર પાસેથી તસવીરો મેળવી છે. બતાવેલા મેટ્રો કોચ ટીટાગઢ રેલ સિસ્ટમ્સ લિમિટેડ દ્વારા ડિઝાઈન કરવામાં આવી રહ્યા છે, જેમાં મુસાફરોની સુવિધા અને શહેરની સાંસ્કૃતિક પ્રેરણાનો સમન્વય છે. કોચની છત ગરબાની થીમ પર બનાવવામાં આવી છે અને ત્રિકોણાકાર હેન્ડલ ગરબાની જ્યોતથી પ્રેરિત હશે. જે ફક્ત સૌંદર્ય શાસ્ત્રને જ પ્રતિબિંબિત કરતી નથી પરંતુ ટકાઉપણું અને પકડની દ્રષ્ટિએ ઉપયોગી છે. આ ડિઝાઈન પ્રવાસીઓને આધુનિક, સલામત અને સાંસ્કૃતિક અનુભવ પ્રદાન કરશે. આ પહેલ દેશની ગતિશીલતાનું પણ પ્રતિબિંબ છે.



ટ્રેનનો આગળનો દેખાવ ખૂબ જ અદ્ભુત છે, જેમાં ડ્રીમ સિટીથી સરથાણા લાઈન-1 કોરિડોર દર્શાવે છે. ટ્રેનના આગળના બોર્ડ પર 'સરથાણા'નો પણ પ્રતિકાત્મક ઉલ્લેખ કરાયો છે.







કોચની છત ગરબાની ઝલકની જોવા મળશે. આ ઉપરાંત ગેલેરીમાં મુસાફરો માટે બનાવેલા હેન્ડલ ત્રિકોણાકાર જ્યોત આકારના હશે. બેઠક વ્યવસ્થા આરામદાયક હશે.

### ટીટાગઢ રેલવે સિસ્ટમ 857 કરોડ રૂપિયાના 72 કોચ પૂરા પાડશે

ટીટાગઢ રેલ સિસ્ટમ લિમિટેડ દ્વારા સુરત મેટ્રો માટે કુલ 72 કોચ પૂરા પાડવામાં આવનાર છે, જે મુજબ મેટ્રોના 24 ટ્રેન સેટ શરૂ કરવામાં આવનાર છે. એટલે કે, દરેક મેટ્રો ટ્રેનમાં કુલ 3 કોચ હશે, જે સ્ટાન્ડર્ડ ગેજ રેલ પર ચાલશે. અધિકારીઓએ આપેલી માહિતી અનુસાર, સુરત માટે 3 કોચ ધરાવતી દરેક મેટ્રો ટ્રેનમાં મુસાફરોની પૂર્ણ ક્ષમતા સાથે એક સમયે 300 જેટલી હશે. આનો અર્થ એ થયો કે, દરેક ટ્રેન એક સમયે લગભગ 300 મુસાફરોને લઈ જઈ શકશે. આમાં અંદાજિત મુસાફરોની અવર-જવર, ઊભા રહેવાની અને બેસવાની સંખ્યા, તેમજ ભીડનો સમાવેશ થાય છે, જેનાથી આરામદાયક મુસાફરી મળી રહેશે.

### ટ્રેનના કોચને વધુ આકર્ષક બનાવવા આગામી સમયમાં ફેરફાર પણ થઈ શકે

અધિકારીઓએ જણાવ્યું કે, હજુ આ ડિઝાઈન સંપૂર્ણપણે નક્કી નથી. આગામી સમયમાં ડિઝાઈનને હજુ પણ વધુ આકર્ષક બનાવવા ફેરફારો થાય તેવી શક્યતા છે. છતાં હાલની સ્થિતિએ મેટ્રો લગભગ આવી જ રહેશે.

### બંને રૂટ મળીને 3 કોચવાળી કુલ 24 ટ્રેન દોડાવવામાં આવશે

**03** કોચ હશે એક ટ્રેનમાં

**24** ટ્રેનો દોડશે બંને રૂટ પર

**300** લોકો એક સાથે એક મેટ્રો ટ્રેનમાં મુસાફરી કરી શકશે

**12** કરોડ રૂ. એક કોચની કિંમત